નામ ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધીન

મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્વિતીય

ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક : WCDD/ICD/e-file/23/2023/1267/Legal Cell

સચિવાલય, ગાંધીનગર.

તા. 26-10-2023

વંચાણે લીધા.

૧. નામ ગુજરાત હાઇકોર્ટના સ્પે.સી.એ.નં.8514/2019 વીથ 8519/2019 ના તા.૧૯-૧૦-૨૦૨૨ ના રોજ નું જજમેન્ટ.

૨. નામ.ગુજરાત હાઇકોર્ટના સ્પે.સી.એ.નં. ૫૦૭૧/૨૦૧૯ તથા ૫૫૨૬/૨૦૨૧ ના કેસ ૧૫.૦૭.૨૦૨૨ તથા ૦૩.૦૮.૨૦૨૨ ના રોજ ના ચુકાદાઓ

૩. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૦-૧૦-૨૦૨૩ નો હુકમ.

૪. નાણાં વિભાગનો ઉચ્ચત્તર પગારધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક :પગર-૧૧૯૪-૪૪-મ તા.૧૬-૦૮-૧૯૯૪

૫. નાણાં વિભાગનો ઉચ્ચત્તર પગારધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ તા.૦૨-૦૭-૨૦૦૭

૬. નાણાં વિભાગનો ઉચ્ચતર પગારધોરણનો ઠરાવ ક્રમાંક :પગર-૧૦૨૦૧૨-૪૩૫૩૮૭-મ તા.૦૩-૧૦-૨૦૧૨

૭. નિયામકશ્રી આઇ.સી.ડી.એસ. કચેરી ખાતે મળેલ પ્રથમ ઉ.પ.ધો. મંજુરીની સમિતિની તા.૧૮/૧૦/૨૦૨૩ની કાર્યવાહી નોંધ.

૮. સી.ડી.પી.ઓ(ફીમેલ) ખાતાકીય પરિક્ષા નિયમો ક્રમાંક GP-3(93)-ICD 1091-1148-R-2 તા. ૧૪.૦૧.૧૯૯૩

પૂર્વભૂમિકા

૧. વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૯.૧૦.૨૦૨૨ ના ચુકાદાથી અરજદારોને વંચાણે લીધા (૨) પરના ચુકાદાઓ ધ્યાને લઇ સમાન પ્રકારે પ્રસ્તુત કેસના અરજદારોને નિવૃતિના લાભો પેન્શન સુધારા તથા આનુષાંગિક લાભો ચુકવવા આદેશ કરેલ છે. ચુકાદાનો ઓપરેટીવ પાર્ટ :_"Accordingly, in view of the above, the present petitions shall also be governed by the both the Judgments of this Court dated 15.07.2022 passed in Special Civil Application No.5170 of 2019 and dated 03.08.2022 passed in Special Civil Application No.5526 of 2021 and allied matters referred hereinabove and is disposed of in the same terms. On re-fixation of pay based on such benefits and on revision of pension to the retired employees, the terminal benefits and the consequential benefits together with arrears shall be paid to the petitioners within 12 weeks from the date of receipt of the writ of the order of this court."

જે અનુસંધાને વંચાણે લીધા (૨) પરના ચુકાદાના અરજદારો સમાન પ્રસ્તુત કેસના અરજદાર નં.૧ ની વિભાગે પાત્રતા ધ્યાને લઇ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તથા તેને લગતા આનુષાંગિક લાભો નામ કોર્ટના સદર ચુકાદાનું અપીલના આખરી ચુકાદાને આધીન આદેશ પાલન કરેલ છે.

| ક્રમ | કર્મચારી/ અધિકારીનું નામ | જિલ્લો | નિમણુંક તારીખ | LWP | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉ.પ.ધો. મળવાપાત્ર તારીખ | ખાતાકીય પરીક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચચળબેન ગોવિંદભાઇ માહ્યાવંશી | ભરૂચ | ૨૨/૦૪/૧૯૮૩ | ૪૬ | ૦૬/૦૬/૧૯૯૨ | ૦૭/૦૬/૧૯૯૨ | પાસ કરેલ નથી. (છ તક) |

૩. મહિલા અને બાળ વિકાસ વિભાગના વંચાણે લીધા (૩) ના તા.૨૦-૧૦-૨૦૨૩ નો હુકમ થી હકીકત લક્ષી વિગતોને ધ્યાને લઇ નામ ગુજરાત હાઇકોર્ટના ચુકાદામાં કરેલ નિર્દેશ કર્યા મુજબ પ્રસ્તુત કેસના અરજદાર નં.૧ ના કિસ્સામાં સેવામાં ૦૯ વર્ષ પૂર્ણ કર્યા પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૨૦૦૦-૩૫૦૦ ચુકવવા હુકમ થયેલ છે. સદરહુ અરજદારે ૧૯૯૨ માં ૦૯ વર્ષ પૂર્ણ કરેલ હોય, જ્યારે ખાતાકિય પરીક્ષા નિયમો ૧૯૯૩માં પ્રસિધ્ધ થયેલ હતા આથી તેઓને નામ. કોર્ટના હુકમ મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ૨૦૦૦-૩૫૦૦ ના પે-સ્કેલમાં મંજૂર કરવાના આદેશ કરવામાં આવેલ છે.

૪. સરકારશ્રી દ્વારા વંચાણે લીધા (૪) તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવથી તા.૦૫/૦૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઇ ધ્યાને લેતાં તા.૧/૦૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગાર ધોરણ ૧૪૦૦ ૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબ પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવા પાત્ર થાય

૫. સરકારશ્રીના વંચાણે લીધા (૫) ના ઉચ્ચત્તર પગાર ધોરણ અંગે તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવથી લાગુ પડતી ૯, ૧૮ અને ૨૭ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના સ્થાન ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવની જોગવાઇ ૨.૧૭ મુજબ જે જગ્યાના બઢતીના માળખામાં તા ૧/૦૬/૧૯૮૭ પછી ફેરફાર કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં

<u>ફરફાર પહેલા બઢતીના જે જગ્યાનુ પગાર ધોરણ મળતુ હતુ તે ઉચ્ચતર પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. ફરફાર પછીના બઢતીના જગ્યાનુ પગાર ધોરણ કર્મચારીને જયારે ખરેખર બઢતી મળે ત્યારે જ મળશે.</u>

૬. વંચાણે લીધા (૫) ના ઠરાવમાં દ્વિતિય ઉ.પ.ધો. માટે ૧૫ વર્ષની ગણતરી કઇ રીતે કરવી તે બાબતે પર્યાપ્ત જોગવાઇના હોવાના કારણે સમગ્ર સેવા દરમ્યાન દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મળે નહી તેવી પરિસ્થિતિ ઉભી થાય છે. આથી આવી પરિસ્થિતિ નિવારવા રાજ્ય સરકારે વંચાણે લીધા (૬) તા.૦૩/૧૦/૨૦૧૨ ના ઠરાવથી બઢતીની તારીખથી ૧૫ વર્ષની સેવા પૂરી થયેથી, બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ હોવાની શરતે તથા ઉચ્ચતર પગાર ધોરણની અન્ય તમામ શરતો સંતોષાતી હોવાની શરતે દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અંગે વિચારણા કરવાની રહેશે એમ ઠરાવેલ છે.

૭. વંચાણે લીધા (૭) ની બેઠક કાર્યવાહી નોંધમાં દર્શાવ્યા મુજબ શ્રી ચંચળબેન ગોવિંદભાઇ માહ્યાવંશીએ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે ખાતાકિય પરીક્ષા છ તક આપવા છતા પાસ કરેલ નથી. તેમજ CCC ની પરીક્ષા પાસ કરવા કે મુક્તિ મેળવવા માટે પણ તેઓની સેવાપોથીમાં કોઇ નોંધ કરવામાં આવેલ નથી. વંચાણે લીધા (૪) ૧૯૯૪ સરકારશ્રીના ઠરાવ કલોઝ-૩(૫)માં "કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત પરીક્ષાઓ જ્યાં નિયત થયેલ હોય તો પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઇએ" તેમજ સદર ઠરાવ કલોઝ ૩(૯) મુજબ "બઢતીના હેતુ માટે કર્મચારી ખાતાકીય પરીક્ષા પોતાના સંવર્ગમાં નવ વર્ષ પુરા કર્યા બાદ પાસ કરે તો, આવી પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનુ રહેશે"

૮. નામદાર કોર્ટના ચુકાદાના આદેશ પાલન કરવા બાબતે વંચાણે લીધા (૭) તા.૧૮-૧૦-૨૦૨૩ ના રોજ યોજાયેલ સમિતિ માં લેવાયેલ નિર્ણય મુજબ પ્રસ્તુત કેસના અરજદારને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે તેમજ તેને અનુલક્ષીને આનુષાંગિક લાભો પેન્શન તથા અન્ય નિવૃતિ લાભો ચુકવણૂ કરવાનુ રહેશે.

<u>હુકમ</u>

સંદર્ભ દર્શિત (૪) ૧૯૯૪ સરકારશ્રીના ઠરાવ તથા વંચાણે લીધા (૮) થી મુખ્ય સેવીકા થી સી.ડી.પી.ઓ. માં બઢતી માટેના ખાતાકીય પરિક્ષા નિયમો ૧૯૯૩ થી અમલમાં આવેલ છે. પ્રસ્તુત કેસના અરજદાર નં.૧ સુશ્રી માહ્યાવંશીએ સેવાના ૦૯ વર્ષ ૧૯૯૨ માં પૂર્ણ કરેલ હોઇ, તથા નામ. કોર્ટના અપીલના આખરી ચુકાદાને આધિન તેઓશ્રીનુ પ્રથમ ઉ.પ.ધો. ૨૦૦૦-૩૫૦૦ મંજુર કરવામાં આવેલ છે.

ખાતાકીય પરિક્ષા નિયમો ૧૯૯૩ અમલમાં આવ્યા બાદ અરજદારે ખાતાકીય પરિક્ષા પાસ કરવાની રહે છે. સદર કેસમાં અરજદાર નં.૧ કર્મચારી ખાતાકીય પરીક્ષા પોતાના સંવર્ગમાં નિયત તકમાં એટલે કે છ જેટલી તક આપેલ હોવા છતા ખાતાકીય પરીક્ષા પાસ કરી શક્યા નથી. આમ નામદાર કોર્ટના ચુકાદા વંચાણે લીધા (૨) ના નિર્દેશ ધ્યાને લઇ સદર કેસના અરજદારો સમાન પ્રકારે પ્રસ્તુત કેસના અરજદાર નં.૧ સી.ડી.પી.ઓ. ની પાત્રતા ધરાવતા નથી એવુ કથીત થાય છે. સુશ્રી માહ્યાવંશી બઢતીની જગ્યાની પાત્રતા ધરાવતા ન હોઇ, તેઓશ્રીને બઢતીની જગ્યા બાદ વર્ગ-૧ નું ઉ.પ.ધો. ની વિચારણા કરવી વહીવટી દ્રષ્ટીએ યોગ્ય નથી. ઉપર્યુક્ત વિગતે સુશ્રી માહ્યાવંશીને બઢતીની જગ્યાનુ દ્વીતિય ઉ.પ.ધો. મળવાપાત્ર નથી.

(જે આઇ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨. નિયામકશ્રી,આઇસીડીએસ‌ા, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.અમદાવાદ.

૪. પ્રોગામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.અમદાવાદ .

૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

૬. સંયુકત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

૮. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.અમદાવાદ.

૯. સંબંધિત કર્મચારી/અધિકારી, મારફતે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિ .........

૧૦. શાખા સિલેકટ ફાઈલ.